

# દેશની સરકારને હજી વસ્તી વધારવી છે

ઓપન સાયન્સ
વિન્સી મરચન્ટ

ભારતમાં એક તરફ સમાજ વિજ્ઞાનીઓ અને મોટા ભાગની પ્રજા વસ્તી વધારા પર પ્રતિબંધ મૂકવાની માગણી કરતાં હોય છે. વસ્તી એટલી અભૂતપૂર્વ હદે વધી છે કે જે કંઈ નવી સેવા, નવાં સાધનો શરૂ કરવામાં આવે છે તે ટૂંકા પડે છે. જગ્યાએ જગ્યાએ લોકોના રાફડા ફાટ્યા છે તે જોઈને બીજા જીવતાં માણસો ડરી જાય છે. આખરે ક્યાંક અંત તો લાવવો પડશે જ. બેફામ વસ્તીને પૂરાં પાડી શકાય એટલાં પાણી, જગ્યા, ખેતીવાડી, ખોરાક વગેરે આખરે લાવીશું ક્યાંથી ?

પરંતુ વસ્તી પર નિયંત્રણ મૂકવાના ચીનના પ્રયત્નો બાદ ફરીથી વસ્તી વધારાને પ્રોત્સાહન આપવું પડ્યું છે તે અનુભવ પરથી તેમજ મલ્ટીનેશનલ કંપનીઓનાં હિતો, દેશની પ્રજાની સાચી સુખાકારી નહીં, પરંતુ સુખાકારીનું ખોટું પ્રતિનિધિત્વ કરતાં આર્થિક વિકાસના આંકડાઓ જાળવી રાખવા માટે વર્તમાન સરકારોને વસ્તી વધારાની જરૂર પડે છે. ભારત દુનિયાનાં અર્થતંત્રમાં ત્રીજા કે ચોથા ક્રમે છે તેમાં પ્રમુખ ફાળો બેફામ વધેલી વસ્તીનો છે. ભારતની માથાદીઠ સરેરાશ વાર્ષિક આવક બે લાખ પાંચ હજાર રૂપિયા છે. તેની સામે ટચુકડા લિશેનસ્ટીન દેશની વ્યક્તિદીઠ આવક બે કરોડ રૂપિયાથી વધુ છે. અમેરિકામાં વ્યક્તિદીઠ વાર્ષિક આવક 90 લાખ રૂપિયાની આસપાસ છે. આ બધી થિયરીઓની વાત થઈ. પરંતુ વર્તમાનમાં અનુભવ કહે છે કે આર્થિક વિકાસનો દર સતત ઊંચો જાળવી રાખવો હોય તો વસ્તી વધવી જોઈએ. પછી ભલે બધાની આર્થિક સુખાકારી ન વધે. જો એમ જ હોય તો અમેરિકાની વસ્તી આજથી સિતેર-એંસી વરસ અગાઉ હતી એટલી જ આજે છે. છતાં દુનિયાનું સૌથી મોટું અર્થતંત્ર છે અને કમાણીની રીતે (52 કેપિટા) દુનિયામાં ત્રીજા ક્રમે છે. જ્યારે ભારત અર્થતંત્રના કદના હિસાબે ચોથા કે પાંચમા ક્રમે છે. વસ્તીના હિસાબે દુનિયાનો સૌથી મોટો દેશ છે, પરંતુ વ્યક્તિદીઠ આવકની દ્રષ્ટિએ દુનિયાના લગભગ બસ્સો દેશોમાંથી 149મા ક્રમે છે. આ સીધું અને સરળ ઉદાહરણ છે કે વસ્તી વધવાથી લોકોની સુખાકારી વધે નહીં, બલ્કે અમુક પોઈન્ટ બાદ ખૂબ ઘટી જાય છે. બેરોજગારોની, અરધા ભણેલાઓની વસ્તી વધારવા કરતાં ન વધે એ જ ઉત્તમ.

**\S આ સીધું અને સરળ ઉદાહરણ છે કે વસ્તી વધવાથી લોકોની સુખાકારી વધે નહીં, બલ્કે અમુક પોઈન્ટ બાદ ખૂબ ઘટી જાય છે. બેરોજગારોની, અરધા ભણેલાઓની વસ્તી વધારવા કરતાં ન વધે એ જ ઉત્તમ**

આઝાદી પછીનાં આટઆટલાં વરસો સુધી ભારતમાં વસ્તી ઘટાડવાની તરેહ તરેહની ઝુંબેશો ચલાવાઈ હતી. માત્ર પાકા ધ્યેય અને ઈરાદાઓ વગરની ઝુંબેશોથી કશો ફાયદો થતો નથી, કશું વળતું નથી તેનો શ્રેષ્ઠ પુરાવો ભારતનો બેફામ વસ્તી વધારો છે. મોહન ભાગવતે હમણાં દેશની હિન્દુ સ્ત્રીઓને કમસે કમ ત્રણ બાળકો પેદા કરવાની અપીલ કરી છે. બીજી તકલીફો શરૂ થશે. એમની ચિંતા વાજબી છે, પરંતુ તેના હલ માટે હિન્દુઓ વસ્તી વધારતા રહે તો સાચો હલ નથી. આવી હરીફાઈ ક્યાં સુધી ચાલશે? તેના બદલે ભારતના તમામ ધર્મના લોકો પર વસ્તી વધારવા પર અસરકારક પ્રતિબંધ મૂકી દો. જે રીતે ચીને મૂક્યો હતો એ રીતે. આપણે ત્યાં હવે સ્થિતિ જુદી બની રહી છે. હવે પછીનાં પાઠ્યપુસ્તકોમાં એ વાંચવા મળે કે દેશની પ્રગતિ માટે વસ્તી વધવી જરૂરી છે તો નવાઈ ન પામશો. આવતા શૈક્ષણિક વરસ માટેનાં પાઠ્યપુસ્તકોમાં આ વિચારો છાપવામાં આવ્યા છે. બાળકોને શીખડાવવામાં આવશે કે વધુ પડતાં બાળકો જોખમરૂપ નથી, પરંતુ ઓછા બાળકો દેશ માટે જોખમરૂપ છે. શું સરકાર કહેશે કે શિક્ષણ શા માટે મોંઘું છે? હાલમાં જ લાખો-કરોડો બેરોજગારો છે તેનું શું? વસ્તી ક્યાં વધારવી તો ક્યાં સુધી વધારવી? આ એવા સવાલો છે જે દેશના કોઈપણ રાજ્યની કે રાષ્ટ્રીય ચૂંટણીઓ કરતા વધુ મહત્વના છે. તેના પર વિશદ ચર્ચાઓ થવી જોઈએ. નિષ્ણાંતોને તેમાં સામેલ કરવા જોઈએ અને ઉપાયોને કાનૂનમાં બદલવા જોઈએ. પરંતુ પોંડીચેરી રાજ્યની કે અમરેલી જિલ્લા જેવડા મણિપુર રાજ્યની ચૂંટણીઓની ચિંતા કરાય છે એટલી દેશની સૌથી મોટી ચિંતા માટે ચિંતા કરાતી નથી. વાચકોને એ વાંચીને નવાઈ લાગશે કે દેશમાં જન્મદર ઘટી રહ્યો છે તેની વધુ ચિંતા થઈ રહી છે.

ભારતનો ટોટલ ફર્ટીલિટી રેટ (ટીએફઆર) પ્રત્યેક સ્ત્રી દીઠ ઘટીને એક પોઈન્ટ નવનો થઈ ગયો છે. સરેરાશની રીતે એક સ્ત્રી પૂરા બે બાળકોને જન્મ આપતી નથી. જો ટીએફઆરનું પ્રમાણ ટુ પોઈન્ટ વન (અર્થાત 2.1) ન રહે તો ક્રમશઃ વસ્તી વધવાને બદલે ઘટતી જાય છે. 2.1 ના દરે જન્મ અને મરણની સંખ્યા સ્થિર રહે છે તેથી વસ્તીનું પ્રમાણ યથાવત રહે છે. ભારતના અમુક રાજ્યોમાં જન્મનું પ્રમાણ ઘટીને યુરોપના દેશોની સમકક્ષ હદે પહોંચી ગયું તામિલનાડુમાં તે પ્રમાણ 1.3 નું થયું છે. મતલબ કે ચાર સ્ત્રીઓ મળીને લગભગ ત્રણ બાળકો પેદા કરે છે. યુરોપના ફીનલેન્ડમાં પણ આટલો જ જન્મદર છે. મહારાષ્ટ્રનો જન્મદર નોર્વેની બરાબર 1.4 નો છે. વરસ 2001 માં જેટલાં બાળકો જન્મ્યા હતાં તેનાં કરતાં આજકાલનાં વરસોમાં વીસ ટકા ઓછા બાળકો જન્મે છે. તામિલનાડુમાં ગયા વરસે વિદ્યાર્થીઓના અભાવમાં 1200 શાળાઓ બંધ કરી દેવામાં આવી હતી. આજકાલ જે બાળકો શાળાએ જાય છે તેમાં તેઓની સાથે ભાઈ કે બહેનો હોતાં નથી. માત્ર એક બાળકના માતા-પિતાઓની સંખ્યા પણ વધી રહી છે.

એક તરફ ભારત સરકાર ડેમોગ્રાફિક ડિવિડન્ડની ફાયદાઓની વાત છેલ્લાં દસ પંદર વરસથી ચલાવી રહી છે, પરંતુ કૌશલ્યનો તેમજ રોજગારીના અભાવમાં દુનિયાની સૌથી યુવાન વસ્તીના ડેમોગ્રાફિક ડિવિડન્ડનો લાભ બરાબર ઉઠાવી શકાયો નથી અને બાર વરસ અગાઉ જે વીસ વરસના હતાં એ 32 વરસના થઈ ગયા છે અને હવે પછીનાં દસ વરસમાં તો એ ડિવિડન્ડ સાવ જતું રહેશે. મધ્યમ કદની આવક ધરાવતાં દેશો જેવાં કે બ્રાઝીલ, ઈરાન, થાઈલેન્ડ, તુર્કીયેમાં વરસોથી એટલાં ઓછાં બાળકો જન્મતાં થયાં છે જેમાં કુલ વસ્તીનું પ્રમાણ ઘટી રહ્યું છે. તેઓના આ ટ્રેન્ડ અથવા તરાહમાં હવે ગરીબ દેશો પણ જોડાઈ રહ્યા છે. તામિલનાડુની માફક શ્રીલંકામાં પણ

માથાદીઠ જન્મનું પ્રમાણ 1.3 નું રહ્યું છે. આરબ દેશ ટ્યુનિશિયા, મોરક્કોમાં પણ વસ્તી ઘટી રહી છે. રિપ્લેસમેન્ટ દર 2.1 થી પ્રમાણ ઘટે તો કુલ વસ્તીનું પ્રમાણ ઘટે. ટ્યુનિશિયા, મોરક્કોમાં તે પ્રમાણ 1.6 નું રહ્યું છે એટલું જ પ્રમાણ કેનિયાના નાઈરોબીમાં છે. અમુક દેશોમાં નોકરી કરતી સ્ત્રીઓનું પ્રમાણ સાવ ઓછું હોવા છતાં પણ જન્મદર ઘટ્યો છે.

એક તરફ બાળમરણનું પ્રમાણ નેત્રદીપક રીતે ઘટ્યું છે. જો મા-બાપને ખાતરી હોય કે બધા બાળકો જીવીને ટીનેજર કે યુવાન બની જશે તો તેઓ વધારે બાળકો પેદા કરતાં નથી. આવી એક દલીલ આપવામાં આવે છે પરંતુ તેમાં વધુ દમ દેખાતો નથી. હા, એ ખરું કે ગર્ભનિરોધક સાધનો અને ઉપાયો વધ્યા છે તેથી પણ જન્મનું પ્રમાણ ઘટ્યું છે. ભારતના 36 ટકા બાળકો આજે ફી વસૂલતી ખાનગી શાળાઓમાં ભણવા જતાં થયાં છે. તે પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું છે. 2015 માં 32 ટકા ખાનગી શાળામાં જતાં હતાં.

મા-બાપો પણ આજે બીજાં કુટુંબોની જીવનશૈલીનું અનુકરણ કરવા માગે છે. જો પડોશી અ કુટુંબની બાળક ખાનગી અને નામાંકિત શાળામાં જતું હોય તો બ કુટુંબ પણ તેમ કરવા ધારશે. અ કુટુંબને ઓછાં બાળકો હોય તો બ કુટુંબ પણ ઓછાં જણશે. આજના સોફ્ટવેરના યુગમાં જે બાળકો ભણ્યાં તેઓ અને તેઓના વાલીઓ સુખી પણ ઘણા થયાં છે. ઉપરાંત ટીવી સિરિયલો અને હવે સ્માર્ટફોનને કારણે સામાન્ય પ્રજા શ્રીમંત લોકોની જીવનશૈલીથી વાકેફ થઈ છે. તેઓના માર્ગે ચાલવા તૈયાર થઈ છે અને ઓછાં બાળકો જણે છે. ઘણા મા-બાપ માને છે કે પોતે પણ હરવું ફરવું અને જીવનની મજા લૂંટવી. વધુ બાળકો તેમાં વ્યવધાન સમાન લાગે છે. જો કે વસ્તી અચાનક નાટ્યાત્મક ઢબે ઘટી જવાની નથી. સંયુક્ત રાષ્ટ્રસંઘના નિષ્ણાતો માને છે કે ભારતની વસ્તી આગામી વીસ વરસમાં એકસો સાંઠ (160) કરોડ પર પહોંચ્યા બાદ મથાળું બાંધશે અને ત્યારબાદ ઘટવાની શરૂઆત થશે અને આ સદીના અંત સુધીમાં એકસો કરોડ (એક અબજ) ની નીચે આવી જશે.

# ‘જેન-ઝી’ તરફ નવા રાજકારણીઓનું વધતું આકર્ષણ

ઈધર-ઉધરકી
આરતી જેરથ



રાજકારણમાં ‘જેન-ઝી’ હાલનો નવો લોકપ્રિય શબ્દ છે અને દરેક વ્યક્તિ તેની સાથે જોડાવા માંગે છે. આ ‘જેન-ઝી’ના ટ્રેન્ડમાં સામેલ થનારા નવા નેતા આંધ્રપ્રદેશમાં જનસેના પાર્ટીના પ્રમુખ પવન કલ્યાણ છે. તેમણે પોતાની પાર્ટીમાં ‘સેના ગુલામ’ નામની એક સમિતિની રચના કરી છે અને તેઓ ઈચ્છે છે કે આ સમિતિ ૧૮ થી ૨૫ વર્ષની વયજૂથના યુવા મતદારો સુધી આક્રમક રીતે પહોંચવાનું શરૂ કરે.

પવન કલ્યાણે ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે તેઓ ફિલ્મ અભિનેતા વિજયની સફળતાની ઈર્ષ્યા કરે છે, જેમણે પોતાની બે વર્ષ જૂની પાર્ટી ‘TVK’ સાથે તાજેતરની તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં અદભુત વિજય મેળવ્યો છે અને આજે તેઓ ત્યાંના મુખ્ય મંત્રી છે. તમિલનાડુમાં વિજયનો પ્રચાર યુવાનોની આસપાસ કેન્દ્રિત હતો, જેઓ તેમની રેલીઓમાં ખૂબ મોટી સંખ્યામાં ઉમટી પડતા હતા. કલ્યાણ પણ એક ફિલ્મ અભિનેતા છે અને તેઓ પોતાની જનસેના પાર્ટી સાથે પ્રભાવ પાડવા માટે છેલ્લાં ૧૫ વર્ષથી સંઘર્ષ કરી રહ્યા છે. તેઓ અત્યાર સુધીમાં માત્ર એટલું જ હાંસલ કરી શક્યા છે કે આંધ્રપ્રદેશમાં ચંદ્રબાબુ નાયડુની TDP સરકારમાં તેઓ જુનિયર ભાગીદાર બન્યા છે.

પોતાની પાર્ટીના નેતાઓ સાથેની તાજેતરની એક વિચાર-મંથન બેઠકમાં કલ્યાણે જાહેરાત કરી હતી કે હવે જૂની અને અપ્રચલિત રાજકીય પદ્ધતિઓ છોડી દેવાનો અને ‘જેન-ઝી’ની આકાંક્ષાઓ સાથે જોડાવાનો સમય આવી ગયો છે. આ મોડી સમજણ તેમને વિજયની સફળતા તેમજ ‘કોકરોચ જનતા પાર્ટી’ (CJP) ના આશ્ચર્યજનક ઉત્થાનને જોયા પછી આવી છે, જેણે માત્ર એક અઠવાડિયામાં ઈન્સ્ટાગ્રામ પર અઢી કરોડ ફોલોઅર્સ મેળવ્યા છે. વિજયની જેમ જ, CJP પણ ‘જેન-ઝી’ વતી બોલવાનો દાવો કરે છે અને તાજેતરના NEET તેમજ CBSE પરીક્ષાના છબરડાઓ બદલ કેન્દ્રીય શિક્ષણ મંત્રી સામે વિરોધ રેલી યોજીને ઈન્ટરનેટની દુનિયામાંથી જમીની સ્તર પર આવવાની તૈયારી કરી રહી છે. કલ્યાણ પણ આ જ રસ્તે ચાલતા હવે યુવા મતો મેળવવાની આ હોડ પૂરા જોશથી શરૂ થઈ ગઈ હોય તેવું લાગે છે. શું યુવા મતોની શક્તિની આ વધતી જતી સ્વીકૃતિ ભારતીય રાજકારણમાં કોઈ મોટો બદલાવ લાવશે? તે તો માત્ર સમય જ બતાવશે.

# પરીક્ષા કૌભાંડો અંગે યુવાનોમાં અસંતોષની RSSએ પણ નોંધ લેવી પડી




RSS (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) પણ યુવાનોમાં પ્રવર્તી રહેલા અસંતોષની નોંધ લઈ રહ્યો હોય તેવું લાગે છે. તેની વિદ્યાર્થી પાંખ ABVP (અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ) એ ઓડિશામાં યોજાયેલી તેની ત્રણ દિવસીય બેઠકમાં NEET અને CBSE પરીક્ષાના કૌભાંડોની અસરો વિશે વિગતવાર ચર્ચા કરી હતી. રાષ્ટ્રીય પરીક્ષાઓને લગતા તાજેતરના પ્રવાહોની આલોચના કરતી વખતે, ABVPએ એક પ્રસ્તાવ પસાર કર્યો હતો જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવા મહત્વપૂર્ણ મુદ્દે વિદ્યાર્થીઓ, વાલીઓ અને સામાન્ય જનતામાં અવિશ્વાસ પેદા કરવા માટે રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (NTA) અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) ને નામજોગ જવાબદાર ઠેરવ્યા હતા. આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે આવા પ્રવાહો પરીક્ષા પ્રણાલીની વિશ્વસનીયતા પર ગંભીર શંકાઓ ઊભી કરે છે.

રસપ્રદ વાત એ છે કે, ABVP એ NEET પરીક્ષાના પેપર લીક વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવા માટે ગયા મહિને નવી દિલ્હીમાં NTA ના મુખ્ય મથક બહાર પ્રદર્શન સહિત દેશભરમાં દેખાવો કર્યા હતા. એવું લાગે છે કે દેખાડી શકાય તેવી કાર્યવાહી કરવા માટે સરકાર પર આંતરિક દબાણ વધી રહ્યું છે. શું હવે કેટલાક જવાબદાર અધિકારીઓ પર ગાજ પડશે?

# તમિલનાડુમાં ભાજપને અન્નામલાઇની મોટી ખોટ પડશે



જ્યારે ભાજપ તમિલનાડુમાં પોતાની ‘અન્નામલાઈ સમસ્યા’ સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે એક નામ વારંવાર સામે આવી રહ્યું છેઃ RSSના વિચારક અને સ્વદેશી હાર્ડલાઈનર એસ. ગુરુમૂર્તિ. ભાજપમાં એવી ચર્ચા છે કે ગુરુમૂર્તિએ જ તાજેતરની તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં અન્નાદ્રમુક(AIADMK) સાથે ગઠબંધન કરવા માટે પક્ષના નેતૃત્વને મનાવ્યું હતું. આ નિર્ણયના કારણે અન્નામલાઈને હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા, જેમની સામે AIADMKને વાંધો હતો કારણ કે તેમણે પક્ષના દિવંગત નેતા જે. જયલલિતાની આલોચના કરી હતી. છેલ્લા કેટલાક વર્ષોથી તમિલનાડુમાં ભાજપ માટે જમીન તૈયાર કરવાના તેમના અથાક પ્રયાસો છતાં, પક્ષે તેમને ચૂંટણીમાં પાછલી સીટ પર બેસી રહેવા જણાવ્યું હતું. તેમણે ભાજપ માટે સમર્થન એકત્ર કરવા રાજ્યભરમાં પદયાત્રા પણ કરી હતી.

ચૂંટણીમાં ભાજપનો ખરાબ રીતે પરાજય થયો અને તે માંડ એક બેઠક જીતવામાં સફળ રહ્યું. ઈતિહાસમાં ડોકિયું કરીએ તો, આ એ જ ગુરુમૂર્તિ હતા જેમણે ૨૦૦૪ની સામાન્ય ચૂંટણી પહેલા વાજપેયી-આડવાણીના ભાજપને ડીએમકે સાથે છેડો ફાડીને જયલલિતાની AIADMK સાથે ગઠબંધન કરવા માટે રાજી કર્યા હતા. પરિણામે, ભાજપ તે ચૂંટણી નજીવા અંતરથી હારી ગયું અને કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સત્તા પર આવી. હવે ભાજપ સામે રાજ્યમાં તેના સૌથી લોકપ્રિય નેતાને ગુમાવવાનું સંકટ તોળાઈ રહ્યું છે કારણ કે અન્નામલાઈ તમિલ રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપવા માટે પોતાનો નવો પક્ષ સ્થાપવાની ધમકી આપી રહ્યા છે.

# કોઈક સામેથી શિકાર બનવા ઉતાવળું થઈને ન બિછાવાયેલી જાળ તરફ દોડી રહ્યું હતું

ક્રાઈમ કોડ
પ્રફુલ શાહ

સોની, એસ.પી. એટલે કે પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણાની પણ, ધારણા બહારનું પગલું ભર્યું ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ નિરવ ત્રિવેદીએ તેમને એસ.પી. સાહેબે જવાબદારી સોંપી કે સવારે તમે સરહદી વિસ્તારમાં ફરજ બજાવો કે જેથી કોઈ અનિચ્છનીય તત્ત્વો ઘુસણખોરી ન કરે. આમ તો પીંપરી વિસ્તાર સરહદી પણ પહાડી હોવાથી અહિંથી અણગમતા મહેમાનના આવવાની શક્યતા નિરવ ત્રિવેદીને ઓછી લાગી. એને બદલે મુંબઈથી બાય રોડ ડાંગ આવવા માટે મુખ્યત્વે મહારાષ્ટ્રના નાસિક અથવા ગુજરાતના વાંસદા થઈને વણનોતર્યા પરોણાના પ્રવેશની શક્યતા વધુ લાગી. એમાંય ટ્રેનથી વાપી કે વલસાડ આવીને ધરમપુર અને વાંસદા થઈને ડાંગ જિલ્લામાં વઘઈ થકી કોઈ વધુ આસાનીથી આવી શકે. વઘઈથી આહવાનું અંતર અંદાજે ૩૨- ૩૫ કિલોમીટર જેટલું. ટ્રક, ટેમ્પો, કાર કે બસમાં સામાન્ય રીતે ૪૫ મિનિટથી ૧ કલાકમાં આહવા પહોંચી જવાય.

આ બધું વિચારીને નિરવ ત્રિવેદીને લાગ્યું કે તોફાનીઓ દિવસના અજવાળાને બદલે રાતના અંધારામાં ઘુસી આવવાનું પસંદ કરી શકે, એટલે એસ.પી. સાથે મિટિંગ પતાવીને તેઓ સીધા વઘઈ પહોંચી ગયા. ચાર કપ ચાની કંપનીમાં વીતાવેલી રાત આખી કોઈ વાંધાજનક ન દેખાયું.

શનિવાર તારીખ ૮ માર્ચ, ૨૦૨૫ની સવારે સાડા સાત વાગે પાંચમી ચા સાથે અખબારો ય આવ્યા. ત્રિવેદીએ આદત મુજબ સ્થાનિક અખબાર ‘આહવાની હવા’ હાથમાં લીધુંને હોઠ સુધી ચાનો કપ લઈ જતો હાથ અટકી ગયો. કપ નીચે મૂકીને ધ્યાનથી પેપર જોયું. પહેલે પાને આઠ કોલમનું હેડિંગ હતુંઃ ‘ડાંગ દરબાર પર આફતના વાદળ’. નીચે પેટા હેડિંગમાં હતુંઃ ‘પોલીસ વડાએ યોજી તાકીદની બેઠક’. સાથે પોલીસ મુખ્યાલય અને ત્યાં યોજાયેલી ખાસ બેઠક માટે આવેલા પોલીસવાળાના ફોટા હતા અને આ એક્સક્લુઝિવ સ્ટોરી સાથે સોનલી ભીલનું નામ હતું.




નિરવ ત્રિવેદીના મોબાઈલ ફોનની બેલ વાગી.

મોબાઈલ ફોનની બેલ વાગતા જ પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણાએ નંબર જોઈને તરત ફોન ઉપાડ્યો. સામેથી લાંબીલચક વાત બાદ તેઓ બોલ્યાઃ ‘ટ્રસ્ટ મી સર. અત્યારે બધું એકદમ કંટ્રોલમાં છે ને કંટ્રોલમાં જ રહેશે... યસ, યસ સર, આઈ પ્રોમિસ.’

પુષ્કર્ણાએ એક નંબર ડાયલ કર્યોઃ ‘જયદીપ રાઠોડ, ‘આહવાની હવા’ અને સોનલી ભીલ વિશે મારે બધું જાણવું છે. તમારી પાસે બે કલાક છે.’

લોકલ ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડે સ્ટાઈલમાં ચાનો છેલ્લો ઘુંટ પતાવીને ગ્લાસ ટેબલ પર પટક્યો. જયદીપ રાઠોડે ફોનને બ્લુટુથથી કનેક્ટ કરીને ત્રણ ફોન કર્યા. આજે કોઈકનું આવી બનવાનું હતું.

રેબાન ચશ્માને કપાળ પર ચડાવી, ફિટેડ શર્ટ પર મોંઘું પરફ્યુમ છાંટીને રાઠોડે કાળી રૉયલ એનફિલ્ડ હંટર દોડાવી મૂકી. તેઓ બબડ્યાઃ

‘કોઈની જિંદગીમાં ખૂબ ઊંડે સુધી ન જવું જોઈએ, તળિયા હમેશાં બધાના થોડા ઘણા ખડબચડા હોવાના જ. પણ મારા બેટા જંપીને બેસવા ન દે તો કરવાનું શું?’ પછી ટુ વ્હીલર અને વિચારો વચ્ચે મેરેથોન રેસ જામી પડી. તેઓ બબડ્યાઃ માણસને લોકો ઓળખે એ ગમે, પણ ઓળખી જાય એ ન ગમે, પણ રાઠોડ સાથે પનારો પડે એને કોણ ઉગારે?

(અતા-પતા-લાપતા -5)

**આ બધું વિચારીને નિરવ ત્રિવેદીને લાગ્યું કે તોફાનીઓ દિવસના અજવાળાને બદલે રાતના અંધારામાં ઘુસી આવવાનું પસંદ કરી શકે, એટલે એસ.પી. સાથે મિટિંગ પતાવીને તેઓ સીધા વઘઈ પહોંચી ગયા**

જય રાઠોડ પોતાના શિકારને ભીંસમાં લેવા મંઝિલ ભણી ધસી રહ્યા હતા, ત્યારે કોઈક સામેથી શિકાર બનવા ઉતાવળું થઈને ન બિછાવાયેલી જાળ તરફ દોડી રહ્યું હતું. (ક્રમશઃ)

સટ્ટાક — કમલ

